# ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, જૂનાગઢ.

પરિપત્ર:-

વિષયઃ કોરોના (CoVid-19)ની વૈશ્વિક મહામારીને કારણે ઉદ્ભવેલ પરિસ્થિતિ અંતર્ગત પોસ્ટ લોકડાઉનમાં યુનિવર્સિટીઓ/ કોલેજો રી-ઓપન કરવા બાબત.

સંદર્ભઃ ગુજરાત સરકાર, શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક: કરન/૧૦૨૦૨૦/૦૬૦૫૨૦૨૦/ખ-૧, સચિવાલય, ગાંધીનગર, તા:૦૭/૦૧/૨૦૨૧

આથી ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી સંલગ્ન સરકારી/ગ્રાન્ટ-ઇન-એઇડ(અનુદાનિત)/સ્વનિર્ભર કોલેજોનાં આચાર્યશ્રીઓ તેમજ અનુસ્નાતક કેન્દ્રોના વડાશ્રીઓ/અનુસ્નાતક ભવનોનાં અધ્યક્ષશ્રીઓને જણાવવાનું કે, ગુજરાત સરકારશ્રીનાં શિક્ષણ વિભાગ, ગાંધીનગરના ઉક્ત સંદર્ભદર્શિત પત્રનાં ઠરાવ અનુસાર સરકારશ્રી ધ્વારા યુનિવર્સિટીઓ/કોલેજો તા:૧૧/૦૧/૨૦૨૧થી રી-ઓપન કરવાનું ઠરાવવામાં આવેલ છે.

રાજ્ય સરકારશ્રીનાં ઉક્ત ઠરાવ અંતર્ગત યુનિવર્સિટીઓ/કોલેજોનાં શૈક્ષણિક/બિન-શૈક્ષણિક સ્ટાફ તથા વિદ્યાર્થીઓએ સંદર્ભ ઠરાવમાં દર્શાવેલ તમામ SOPનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે અને તે મુજબ જ યુનિવર્સિટી/કોલેજો રી-ઓપન કરવા જણાવવામાં આવે છે. સદર તમામ કાર્યવાહી માટે યુ.જી.સી.ની તા:૦૫/૧૧/૨૦૨૦ની ગાઈડલાઈન્સને અનુસરવાની રહેશે.

(૧) તા:૧૧/૦૧/૨૦૨૧થી સંલગ્ન તમામ કોલેજો તથા યુનિવર્સિટી ડીપાર્ટમેન્ટના વિદ્યાર્થીઓ માટે ઓફલાઈન (ભૌતિક રીતે) શૈક્ષણિક કાર્ય ફરીથી શરુ કરવાનું રહેશે. ઓફલાઈન (ભૌતિક રીતે) શૈક્ષણિક કાર્યમાં હાજરી આપવી વિદ્યાર્થીઓ માટે સ્વૈચ્છિક રહેશે. આ અંગે જે-તે સંસ્થા ધ્વારા વિદ્યાર્થી/વાલી પાસેથી સંમતિપત્ર મેળવવાનું રહેશે. જે વિદ્યાર્થી ઓફલાઈન (ભૌતિક રીતે) શૈક્ષણિક કાર્યમાં હાજરી આપી શકે નહિ તેને માટે ઓનલાઈન અભ્યાસની વ્યવસ્થા કરવાની રહેશે. પ્રથમ દિવસે વર્ગમાં હાજરી આપનાર વિદ્યાર્થીઓને જે-તે સંસ્થા ધ્વારા "Welcome-kit" આપવાની રહેશે. જેમાં માસ્ક, સેનીટાઇઝર વગેરે પ્રોત્સાહન સ્વરૂપે આપવાનાં રહેશે.

(૨) પ્રથમ તબક્કામાં તમામ પી.જી., પીએચ.ડી.,એમ.ફિલ. વગેરે અભ્યાસક્રમો મેડીકલ/પેરા-મેડીકલનાં તમામ તથા સ્નાતક અભ્યાસક્રમનાં માત્ર અંતિમ વર્ષનાં તમામ વિદ્યાર્થીઓને ભૌતિક રીતે શિક્ષણ આપવાનું રહેશે.

(૩) વિદ્યાર્થીઓની સંખ્યા પ્રમાણે ૨(બે) વિદ્યાર્થીઓ વચ્ચે યુ.જી.સી.ની માર્ગદર્શિકા પ્રમાણે સોશ્યલ ડીસ્ટન્સ જળવાય તે રીતે ૫૦%, ૫૦%નાં બે વર્ગ અથવા ૧/૩, ૧/૩, ૧/૩નાં ત્રણ વર્ગો ગોઠવી સમયાંતરે વિદ્યાર્થીઓને બોલાવવાનાં થાય તો સતત ત્રણ દિવસ માટે બોલાવવાનાં રહેશે. ત્યારબાદ બાકીનાં દિવસોએ બીજા સમૂહનાં વિદ્યાર્થીઓને બોલાવવાનાં રહેશે. કયા વિષય/અભ્યાસક્રમ માટે કયા પ્રકારની વ્યવસ્થા ગોઠવવી તેનો નિર્ણય કુલપતિશ્રી/આચાર્યશ્રી હસ્તક રહેશે.

(૪) હોસ્ટેલની સુવિધા ધરાવતી સંસ્થા/કોલેજોની હોસ્ટેલમાં એક રૂમમાં ૧(એક) જ વિદ્યાર્થીને પ્રવેશ આપવાનો રહેશે.

(૫) ફેઈસ માસ્ક ફરજીયાત રહેશે તથા હેન્ડ વોશિંગ, સેનેટાઈઝેશન પોઈન્ટ્સ પુરતી સંખ્યામાં રાખવાનાં રહેશે. વર્ગો તથા છાત્રાલયોમાં સમયાંતરે સેનેટાઈઝેશન કરાવવાનું રહેશે. કોલેજ ધ્વારા સતત મોનીટરીંગ કરી કોઈપણ સંક્રમિત અથવા લક્ષણ ધરાવતાં વિદ્યાર્થી/શિક્ષક કે બહારની કોઈ વ્યક્તિ કેમ્પસમાં પ્રવેશ કરે નહિ તેની તકેદારી સંબંધિત સત્તાધિકારીઓએ રાખવાની રહેશે.

વધુમાં i-GOT પ્લેટફોર્મ પરનાં આરોગ્ય શિક્ષણના CoVid-19 અંગેનાં અભ્યાસક્રમો કે જે ભારત સરકારશ્રીનાં DOPTએ તૈયાર કરેલ છે અને નીઃશુલ્ક છે તે પણ કરવા ફેકલ્ટી મેમ્બર્સને તથા વિદ્યાર્થીઓને સૂચના કરવામાં આવે છે.

રાજ્ય સરકારશ્રી ધ્વારા સંદર્ભિત પત્ર મુજબની માર્ગદર્શિકાનું પાલન જે-તે સંસ્થાના વડા ધ્વારા સ્થાનિક પરિસ્થિતિ ધ્યાને લઇ વિદ્યાર્થી હિતમાં સ્વવિવેક અનુસાર કરવાનું રહેશે.

ઇ/ચા.કુલસચિવ

બિડાણઃ- સંદર્ભ પત્રની નકલ

ક્રમાંક/બીકેએનએમયુ/રજી/એકેડેમિક/૦૭/૨૦૨૧
ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, ગવર્મેન્ટ પોલીટેકનિક કેમ્પસ, ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી રોડ,
ખડીયા-જૂનાગઢ.
તા.૦૯/૦૧/૨૦૨૧

પ્રતિ,

- ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી સંલગ્ન સરકારી/ગ્રાન્ટ-ઇન-એઇડ(અનુદાનિત)/સ્વનિર્ભર કોલેજોનાં આચાર્યશ્રીઓ તેમજ અનુસ્નાતક કેન્દ્રોના વડાશ્રીઓ/અનુસ્નાતક ભવનોનાં અધ્યક્ષશ્રીઓ તરફ......

<u>નકલ સાદર રવાના:-</u>

(૧) માન.કુલપતિશ્રી/કુલસચિવશ્રીનાં અંગત સચિવશ્રી.

<u>નકલ રવાના જાણ તથા યોગ્ય કાર્યવાહી અર્થે:</u>

(૨) પરીક્ષા વિભાગ.

(૩) આઇ.ટી.સેલ વિભાગ વેબસાઇટ ઉપર પ્રસિદ્ધ થવા અર્થે.